# કલા ઇતિહાસકાર

કલા ઈતિહાસકારો એ કુશળ વ્યાવસાયિકો છે જેમણે અનેક વર્ષોથી, સમયની શરૂઆતથી અસ્તિત્વમાં રહેલા કલાત્મક અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપો વિશે સંશોધન અને જ્ઞાન એકત્ર કર્યું છે. કલા ઈતિહાસકારો આવશ્યકપણે કલા ક્યુરેટર, શિક્ષકો, વિવેચકો અથવા સલાહકારો છે જેઓ એ નક્કી કરવામાં મદદ કરે છે કે સંગ્રહાલયોના સંગ્રહમાં કઇ કલાકૃતિઓ  ઉમેરવી જોઈએ, ઐતિહાસિક કલાનું મહત્વ શું છે અને તે સંસ્કૃતિમાં કેવી રીતે બંધબેસે છે. તેઓ જે સમયે કલાકૃતિઓ (પેઈન્ટિંગ, શિલ્પ, આર્કિટેક્ચર) તૈયાર કરવામાં આવી હતી તે સમયે અનુસાર આ કલાકૃતિઓનું અર્થઘટન અને વિશ્લેષણ પણ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક વલણ ધરાવો છો
- તમે કુશળ સંવાદકર્તા છો
- તમારી પાસે વિશ્લેષણ કરવાની કુશળતા છે
- તમે ટીમમાં કામ કરવા માટે સહજ છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩,૦૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. હ્યુમેનિટીના વિષય સાથે ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફાઈન આર્ટસ અથવા સામાજિક વિજ્ઞાનના અન્ય વિષયમાં સ્નાતક (BA)ની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

ફાઈન આર્ટસ અથવા સામાજિક વિજ્ઞાનમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવ્યા બાદ,   સંબંધિત વિષયોમાં અનુસ્નાતક અને પછી Ph.D કરો.

**અથવા**

મ્યુઝોલોજી એન્ડ હિસ્ટ્રી ઓફ ઈન્ડિયન આર્ટસમાં પી.જી. ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કલા ઈતિહાસકારનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૯,૦૦૦ થી ૨૨,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://in.indeed.com/career-advice/finding-a-job/art-history-careers

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી પુસ્તકાલયો, સંગ્રહાલયો, હરાજી ગૃહો, શૈક્ષણિક સંસ્થાઓ, પ્રકાશકો, ગેલેરીઓ

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક કામ કરશો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

કલા ઈતિહાસકાર (તાલીમાર્થી) → વરિષ્ઠ કલા ઈતિહાસકાર અથવા લેક્ચરર → આસિસ્ટન્ટ પ્રોફેસર → એસોસિએટ પ્રોફેસર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કન્ઝર્વેટર્સ, ક્યુરેટર્સ, આર્ટ એડમિનિસ્ટ્રેટર્સ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ફાઈન આર્ટ્સ અને હ્યુમેનિટી વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા, ફાઈન આર્ટ્સ ફેકલ્ટી
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. ભારતીય હસ્તકલા અને ડિઝાઈન સંસ્થા, જયપુર
૪. જે.એન.યુ., નવી દિલ્હી
૫. ઉત્કલ યુનિવર્સિટી ઓફ કલ્ચર, ઓડિશા
૬. વિઝ્યુઅલ આર્ટ્સ ફેકલ્ટી, બનારસ હિન્દુ યુનિવર્સિટી
૭. કોલેજ ઓફ આર્ટસ, દિલ્હી યુનિવર્સિટી
૮. ચમરેજેન્દ્ર ગવર્મેન્ટ વિઝ્યુઅલ આર્ટસ કોલેજ, મૈસુર, કર્ણાટક

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. મણિપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન, મણિપાલ
૩. ભારતીય હસ્તકલા અને ડિઝાઈન સંસ્થા, જયપુર
૪. યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, જયપુર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અર્શિયા લોખંડવાલા** એક કલા ઈતિહાસકાર, ક્યુરેટર અને મુંબઈ, ભારતમાં લેકરેન આર્ટ ગેલેરી (૧૯૯૫ થી ૨૦૦૩)ના સ્થાપક છે. તેણીએ વર્ષ ૧૯૮૬ અને ૧૯૯૧માં અનુક્રમે સમાજશાસ્ત્રમાં બી.એ. અને એમ.એ.ની પદવી હાંસલ કરી. તેણી વર્ષ ૨૦૦૧માં ગોલ્ડસ્મિથ્સ કોલેજ, લંડનમાં ક્રિએટિવ ક્યુરેટિંગમાં એમ.એ. માટે, ચાર્લ્સ વોલેસ ઈન્ડિયા ટ્રસ્ટ એવોર્ડ પ્રાપ્ત કર્તા છે. તે આર્ટસ પેન્શન ટ્રસ્ટની ક્યુરેટોરિયલ કમિટીના સભ્ય પણ છે. *

સ્રોત:https://m.famousfix.com/topic/arshiya-lokhandwala

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.